## ગોરી ગરબે ઘુમી ગાય રે

(ફિલ્મઃ મંગળફેરા)

તાલીઓના તાલે (૨) ગોરી ગરબે ઘુમી ગાય રે,
પૂનમની રાત...ઉગી પૂનમની રાત (૨)
આસમાની ચૂંદડીનાં લહેરણિયાં લહેરાય રે,
પૂનમની રાત...ઉગી પૂનમની રાત (૨)
તાલીઓના તાલે (૨) ગોરી ગરબે ઘુમી ગાય રે,
ગોરો ગોરો ચાંદલિયો ને દિલ ડોલાવે નાવલિયો,
કહેતી મનની વાત રે, કહેતી મનની વાત રે...
પૂનમની રાત...ઉગી પૂનમની રાત (૨)
તાલીઓના તાલે (૨) ગોરી ગરબે ઘુમી ગાય રે,
પૂનમની રાત...ઉગી પૂનમની રાત (૨)
ઓરી ઓરી આવ ગોરી ઓરી ઓરી,
ચાંદલિયો હિંચોળે તારા હૈયા કેરી દોરી.
રાતલડી રળિયાત રે રાતલડી રળિયાત રે,
પૂનમની રાત...ઉગી પૂનમની રાત (૨)
તાલીઓના તાલે (૨) ગોરી ગરબે ઘુમી ગાય રે,
પૂનમની રાત...ઉગી પૂનમની રાત (૨)
ગરબે ઘુમો ગોરી...ગરબે ઘુમો,
રૂમો ઝુમો ગોરી...રૂમો ઝુમો,
રાસ રમે જાણે શામળિયો...
જમનાજીને ઘાટ રે, જમનાજીને ઘાટ રે,
પૂનમની રાત...ઊગી પૂનમની રાત.
આસમાની ચૂંદડીનાં લહેરણિયાં લહેરાય રે
પૂનમની રાત...ઉગી પૂનમની રાત.

------